અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહ નિર્માણની યોજનામાં સહાયના ચુકવણા અંગેની જોગવાઈમાં સુધારો

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : વમસ-૧૨૮૮-૧૪૩૯(૧)-ખ(૬),
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩/૫/૮/૮૯

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : નમમ-૧૨૮૮/૧૪૩૯(૧)-ખ તા.૨૫-૧-૮૯

(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણનો તારીખ:૩૧-૮-૮૯નો પત્ર ક્રમાંક : સક-કો.પ્લાન-૮૯-૯૦-૩૦૦૨

ઠ રા વ :-

અનુસૂચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે મકાન બાંધવા રૂ.૯,૦૦૦/- (અંકે રૂપીયા નવ હજાર) સુધીની સહાય ચુકવણીની ગૃહ નિર્માણ યોજના તારીખ ૨૫-૧-૮૯ના ઠરાવથી અમલ કરવામાં આવેલ છે. આ ઠરાવની શરતો મુજબ રૂા.૧૦,૦૦૦/- સુધીની કિંમતના મકાન માટે મકાનની કિંમતના ૯૦% પ્રમાણે ત્રણ સરખા હપ્તામાં સહાય ચુકવવામાં આવે છે. જેમાં અરજી મંજુર થયેથી સહાયનો પ્રથમ હપ્તો, છાપરા લેવલે બાંધકામ થયેથી બીજો હપ્તો અને મકાન પુર્ણતા પ્રમાણપત્રના આધારે ત્રીજો અને છેલ્લો હપ્તો એમ સહાય ચુકવવામાં આવે છે.

મકાન બનાવવાના પ્રાથમિક તબક્કામાં નાણાંની વિશેષ જરુરીયાત રહેતી હોવાથી મકાન બાંધકામના ખર્ચને પહોંચી વળવા સહાયની રકમ પૈકી પ્રથમ હપ્તા પેટે વધુ રકમ ચુકવવા અવારનવાર રજુઆતો થઈ છે. તે લક્ષમાં લઈને સહાય ચુકવણીની પધ્ધતિમાં સુધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે સરકાર આથી અનુસુચિત જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહ નિર્માણની યોજનામાં સહાય ચુકવણીની પધ્ધતિમાં

...૨..

નીચે પ્રમાણે સુધારો કરવાનું ઠરાવ છે. :-

સમાજ કલ્યાણ વિભાગના તારીખ:૨૫-૧-૮૯ના ઠરાવ ક્રમાંક: વમસ-૧૨૮૮/૧૪૩૯(૧)/અ માં ક્રમાંક:૫ માં નીચે પ્રમાણેનો સુધારો વાંચવો.

૫. <u>સહાયનું ચુકવણું</u> :-

૧) અરજી મંજુર થયેથી પ્રથમ હપ્તા પેટે મંજુર થયેલ રકમના ૫૦% લેખે રકમ ચુકવવામાં આવશે.

૨) રુફ લેવલ સુધી બાંધકામ પુર્ણ કર્યા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બીજી ૨૫% રકમ બીજા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

૩) મકાન પુર્ણ થયા અંગે નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયેથી બાકીની ૨૫% રકમ ત્રીજા અને છેલ્લા હપ્તા પેટે ચુકવવામાં આવશે.

આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગ તારીખ:૫-૬-૯૦ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. મહેતા,
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
રાજ્ય કક્ષા મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સર્વે પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, / સર્વે કલેકટરશ્રીઓ
આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
વિભાગની સર્વે શાખાઓ
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, (સ.ક), સચિવાલય, ગાંધીનગર
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/સંગ્રહ અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
સિલેકટ ફાઇલ.

[illegible]